GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ગાંધીનગર જીલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીય સભાનતાની અસરકારકતા

## ડૉ. મીનાબેન એમ. રાઠોડ, ડૉ. કિરણકુમાર બાબુભાઈ સોલંકી

**અસોસીયેટ પ્રોફેસર,**
**શ્રી એ.સી. શુક્લા. પોસ્ટ ગ્રેજ્યુએટ,**
**કૉલેજ ઓફ એજ્યુકેશન, મેહમદાવાદ.**

**આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**શ્રી એ.સી. શુક્લા. પોસ્ટ ગ્રેજ્યુએટ,**
**કૉલેજ ઓફ એજ્યુકેશન, મેહમદાવાદ.**

*સાંરાશ*

*સંવિધાને ભારત દેશના તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર આપ્યો છે. જે કોઈપણ જાતના ધર્મ, જાતિ, લિંગ, વર્ણ, રંગની ભિન્નતાને ધ્યાનમાં લેતો નથી. છતાં પણ આપણા સમાજમાં અને વ્યવહારમાં જોવા મળે છે કે બંધારણે સ્ત્રીને પુરુષોના જેટલા જ અધિકાર આપ્યા હોવા છતાં સ્ત્રી અસ્તિત્વનો સ્વીકાર થતો નથી આથી સ્ત્રીને તેના અધિકારોનો સ્વીકાર થાય. લિંગ અને જાતિની સમાનતાની સમજણ પ્રાપ્ત થાય તે હેતુને ધ્યાનમાં રાખીને અભ્યાસકે સંશોધન હાથ ધરેલ છે. પ્રાથમિક શાળાના શિક્ષકો પાયાનું શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. આથી જો શિક્ષકોની જાતીય સભાનતા જાણવાથી શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને જાતીય સભાનતા વિશે લિંગ અને જાતિની માહિતી આપી શકે તે જ હેતુ છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *પ્રાથમિક શાળા ના શિક્ષકો, જાતીય સભાનતા*

## પ્રસ્તાવના

ભારતમાં પુરુષોનું અધિપત્ય ઘર, શાળા અને સમાજમાં જોવા મળે છે. વેદકાલીન સમયમાં અમુક જ વર્ગની સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું હતું. સમાજની બધી સ્ત્રીઓને શિક્ષણ અને સ્વાતંત્રતાની પ્રાપ્તિ નહોતી. વર્તમાન સમયમાં લોકશાહીને કારણે સ્ત્રીઓને શિક્ષણ અને સ્વતંત્રતા આપવામાં આવી છતાં સમાજના વ્યવહારમાં સર્વ જગ્યાએ સંપૂર્ણપણે સ્વીકાર જોવા મળતો નથી. ભારતના ઘણા બધા ઉદારમતવાદી મહાનુભાવો દ્વારા સ્ત્રીઓને પુરુષો જેટલી જ સમાનતા પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો થયા છે. સ્ત્રીઓના ઉત્કર્ષ માટે પુરુષોની સાથે સ્ત્રીઓ પણ સ્ત્રીના અસ્તિત્વનો સ્વીકાર કરીને સમાજમાંથી સ્ત્રી અને પુરુષના જાતિગત ભેદ દૂર થાય તે માટે પ્રયત્ન કરવા જરૂરી છે. સ્ત્રી અને પુરુષોના જાતિના ભેદ સિવાય સમાનતાનો સ્વીકાર થાય તે જરૂરી છે. શિક્ષણ દ્વારા જ વિકાસ અને પરિવર્તન સંભવી શકે છે. શિક્ષક જ વર્ગ શિક્ષણ દ્વારા બાળકમાં 'જાતિ' અંગેની સભાનતા લાવી શકે છે. આ માટે પ્રથમ શિક્ષકના વ્યવહારમાં જ ' જાતિ' અંગેની સભાનતા હોવી જરૂરી છે. પાયાનું શિક્ષણ આપતા પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિય સભાનતા જાણવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. શિક્ષણ સમાજ સાથે સંકળાયેલું છે. સમાજની સમસ્યાઓ દૂર કરવામાં શિક્ષણ નું યોગદાન જરૂરી છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત શાળાઓમાં ધોરણ 1 થી 8 માં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો ને પ્રાથમિક શાળા ના શિક્ષકો કહી શકાય. જાતીય સભાનતા એટલે શિક્ષકો દ્વારા જાતીય સભાનતા માપદંડ પર મેળવેલ ભારાંક.

https://www.gapbhasha.org/

## સાહિત્ય સમીક્ષા

રમીલા બી. પટેલ (2003), મહિલા વિકાસમાં સાક્ષરતા અભિયાનની ભૂમિકા, પીએચ.ડી. ગૂજરાત વિદ્યાપીઠ, સંશોધકે નીચે પ્રમાણે હેતુ રજુ કરેલ છે. ૧) નવ સાક્ષર મહિલાઓના સાક્ષરતા સામાજિક ચેતના તથા વ્યવસાયિક વિકાસના કૌશલ્યો અંગે જાણકારી મેળવવી ૨) પ્રાપ્ત કૌશલ્યોનો નવશિક્ષિત મહિલાઓના પોતાના જીવન વ્યવહારમાં ઉપયોગ અંગે જાણકારી મેળવવી પ્રાથમિક શાળાના આચાર્યો/ ગ્રામ સાક્ષરતા સમિતિના સભ્યો દ્વારા સાક્ષરતા અભિયાન કાર્યક્રમના વાતાવરણ નિર્માણ અને લોકભાગીદારી અંગે જાણવુ. 3) ગ્રામ સાક્ષરતા સમિતિના સભ્યો દ્વારા મહિલા વિકાસ અંગેના અભિપ્રાયો જાણવા ૪) સાક્ષરતા અભિયાન કાર્યક્રમની સફળતા નિષ્ફળતા જાણવી. નમૂનામાંથી 400 નવશિક્ષિત મહિલાઓ, 100 ગ્રામસાક્ષરતા સમિતિના સભ્યો અને 49 સાક્ષરતા અભિયાન સાથે સંકળાયેલા અધિકારીઓને યાદચ્છિક નિદર્શ તરીકે લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ હતો. નવશિક્ષિત મહિલાઓ માટે મુલાકાત અનુસૂચિ તૈયાર કરવામાં આવેલ ગ્રામ સાક્ષરતા સમિતિના સભ્યો માટે અભિપ્રાયવલી અને સાક્ષરતા અભિયાન સાથે સંકળાયેલ અધિકારીઓ માટે વ્યક્તિગત મુલાકાત પત્રકની રચના કરવામાં આવેલ હતી. અનુ. જાતિ, અનુ. જનજાતિ, બક્ષીપંચ અને અન્ય એવા 25 થી 40 વર્ષની વયજુથનાં ઉત્તરદાતાઓ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ છે. સંશોધકે અભ્યાસ ના તારણો નીચે પ્રમાણે છે. ૧) સાક્ષરતા અભિયાન દ્વારા 92.50 ટકાને લખતાં-વાંચતા આવડ્યું છે. જેમાંથી 50 ટકાની વાંચન ક્ષમતા ઠીક ઠીક હતી. જ્યારે 13.57 ટકા હાલમાં વાંચવાનુ ભુલી ગયા છે.૨) પ્રસૂતિ સમયે 79 ટકા ઉત્તરદાતા મહિલાઓ સરકારી કે નજીકની હોસ્પિટલનો ઉપયોગ કરે છે. 3) સાક્ષરતા અભિયાન દ્વારા 87.25 ટકા ઉત્તરદાતા મહિલાઓ બચત કરતી થઈ છે અને વિવિધ સરકારી યોજના વિવિધ યોજનાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરતી થઈ છે. ૪) 90 ટકા ઉત્તરદાતા મહિલાઓ સાક્ષરતા કાર્યક્રમને જીવનલક્ષી શિક્ષણના કાર્યક્રમ તરીકે માને છે. 2) ચુડાવાળા કુમાર (1982), કુટુંબ નિયોજનની સ્ત્રીઓ પર થતી અસરોનો અભ્યાસ, સંશોધકે નીચે પ્રમાણે હેતુ રજુ કરેલ છે. કુટુંબ નિયોજનને અપનાવવતા પહેલાની સ્ત્રીઓની માનસિક સ્થિતી જાણવી, શારીરિક અસરો જાણવી, સામજિક વલણો જાણવા, ધાર્મિક બાબતો વિશે માહિતી મેળવવી, શૈક્ષણિક પરિબળ વચ્ચેના સંબંધથી પરીચિત થવુ. સંશોધકે કુલ 10 ગામમાંથી નમુનો પસંદ કરેલ છે. સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. સંશોધકે પ્રશ્નાવલીનું ઉપકરણ લઈને સંશોધન હાથ ધરેલ છે. સંશોધનના તારણો નીચે પ્રમાણે છે. ૧) કુટુંબ નિયોજન માટે સ્ત્રીઓ સક્ષમ જોવા મળતી ન હતી. ૨) સમાજમાં કુટુંબ નિયોજન અપનાવેલ વ્યક્તિને યોગ્ય સ્થાન નથી. 3) કુટુંબ નિયોજનનો કાર્યક્રમ વસ્તી વધારાને રોકવા જોઇએ તેટલો નથી. ૪) શિક્ષિત વ્યક્તિઓ પછાત વિસ્તારમાં વસ્તી વધારાની વિપરિત અસરો વિશેના જ્ઞાનનો પ્રસાર કરતાં નથી.

## અભ્યાસના ચલો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાના શિક્ષકોએ જાતીય સભાનતા માટે મેળવેલ ભારાંકો છે. પરતંત્ર ચલ જ્યારે જાતીય વિસ્તાર શૈક્ષણિક લાયકાત અને વૈવાહિત દરજ્જો સ્વતંત્ર ચલ છે. જાતિ : (i) પુરુષ (ii) સ્ત્રી, વિસ્તાર : (i) શહેરી (ii) ગ્રામ્ય, શૈક્ષણિક લાયકાત : (i) ઉચ્ચ (ii), નિમ્ન, વૈવાહિત દરજ્જો : (i) પરિણિત (ii) અપરિણિત

## અભ્યાસ ના હેતુઓ

સંશોધકે અભ્યાસ ના હેતુઓ નીચે પ્રમાણે છે. ૧) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિના સંદર્ભમાં જાતીય સભાનતાનો અભ્યાસ કરવો. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની વિસ્તારના સંદર્ભમાં જાતીય સભાનતાનો અભ્યાસ કરવો. 3) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાતીય સભાનતાનો અભ્યાસ કરવો. ૪) ગાંધીનગર જિલ્લાના શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં જાતીય સભાનતાનો અભ્યાસ કરવો.

https://www.gapbhasha.org/

## સંશોધનની ઉત્કલ્પનાઓ

સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે છે.

$H_{01}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{02}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો અને શહેરી વિસ્તારના શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{03}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચશૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{04}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલ ભારોકોની સરાસરી વચ્ચે વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

અભ્યાસમાં સંશોધનનો વ્યાપ ગુજરાત રાજ્યના ગાંધીનગર જીલ્લાના પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો છે. સંશોધન ની મર્યાદા નીચે મુજબ છે. ૧) ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતો મર્યાદિત છે. ૨) ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતો મર્યાદિત છે. ૩) ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીય સભાનતા જાણવા પૂરતો મર્યાદિત છે. ૪) ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિ, વિસ્તાર, શૈક્ષણિક લાયકાત અને વૈવાહિક દરજ્જા પૂરતો જ મર્યાદિત છે. સંશોધનનું ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણ અને મનોવિજ્ઞાન છે. સંશોધનનો પ્રકાર વ્યવહારિક છે. સંશોધનની પદ્ધતિ સર્વેક્ષણ પદ્ધતિ એ વર્ણાત્મક સંશોધન પદ્ધતિનું એક પ્રકાર છે. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જાતીય સભાનતા માપદંડની રચના એ સંશોધનનું ઉપકરણ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પસંદગી લોટરી સીસ્ટમ દ્વારા અને શાળાઓની પસંદગી ઝુમખા પદ્ધતિ દ્વારા કરવામાં આવી. પ્રાપ્ત થયેલી માહિતી પછી ઉપકરણની વિશ્વસનીયતા શોધવામાં આવી અને કલમોનું પૃથક્કરણ કરવામાં આવ્યું. ત્યારબાદ તૈયાર થયેલ જાતીય સભાનતા માપદંડ જે 86 કલમો ધરાવે છે. સંશોધનમાં નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં રૂબરૂ જઈને જાતીય સભાનતા માપદંડ દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવશે.

## પરિણામ

$H_{01}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ટેબલ – ૧

| જાતીય સભાનતા માપદંડ ઘટકો | સ્ત્રી શિક્ષકો | | | પુરુષ શિક્ષકો | | | પ્રમાણ ભૂલ | t ગણતરી મૂલ્ય | t સારણી મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | | | | |
| કુલ | **185** | 260.45 | 34.72 | **315** | 250.6 | 36.55 | 3.02 | 3.28 | **2.58** કક્ષા **0.01 and 1.96** કક્ષા **0.05** સ્વાતત્ર્ય | 0.01 આગળ સાર્થક |
| માન્યતા/ અંધશ્રદ્ધા | **185** | 48.45 | 10.56 | **315** | 45.44 | 9.54 | 0.94 | 3.19 | | 0.01 આગળ સાર્થક |
| જાતી | **185** | 56.64 | 12.12 | **315** | 50.23 | 11.17 | 1.09 | 5.88 | | 0.01 આગળ |

https://www.gapbhasha.org/

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | સંખ્યા= 498 | સાર્થક |
| શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ | **185** | 40.17 | 9.95 | **315** | 38.89 | 8.91 | 0.89 | 1.44 | | સાર્થક નથી |
| નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ | **185** | 46.7 | 11.11 | **315** | 41.45 | 10.44 | 1.01 | 5.22 | | 0.01 આગળ સાર્થક |
| વ્યવસાય પસંદગી | **185** | 23.47 | 8.44 | **315** | 22.09 | 11.12 | 0.88 | 1.56 | | સાર્થક નથી |
| સમૂહ માધ્યમ | **185** | 22.29 | 5.19 | **315** | 21.95 | 5.44 | 0.34 | 0.69 | | સાર્થક નથી |
| બંધારણીય અધિકારો | **185** | 23.32 | 8.98 | **315** | 21.92 | 7.77 | 0.79 | 1.77 | | સાર્થક નથી |

સ્વાતંત્ર્ય સંખ્યા = 498 કક્ષાએ ટી મૂલ્યો 0.05 અને 0.01 કક્ષાએ અનુક્રમે 1.96 અને 2.58 છે. અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે ટી ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 3.28 છે, જે 0.01 કક્ષાએ ટી મૂલ્ય કરતાં વધુ હોવાથી ઉત્કલ્પના-1 નો અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે સ્વીકાર થાય છે.

$H_{02}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો અને શહેરી વિસ્તારના શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ટેબલ – ૨

| જાતીય સભાનતા માપદંડ ઘટકો | ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો | | | શહેર વિસ્તારના શિક્ષકો | | | પ્રમાણ ભૂલ | t ગણતરી મૂલ્ય | t સારણી મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | | | | |
| કુલ | **150** | 259.23 | 32.34 | **350** | 249.4 | 32.87 | 3.17 | 3.09 | **2.58** કક્ષા **0.01 and 1.96** કક્ષા **0.05** સ્વાતંત્ર્ય સંખ્યા= **498** | 0.01 આગળ સાર્થક |
| માન્યતા/ અંધશ્રદ્ધ | **150** | 47.76 | 11.11 | **350** | 44.66 | 8.77 | 1.02 | 3.04 | | 0.01 આગળ સાર્થક |
| જાતી | **150** | 55.55 | 12.09 | **350** | 49.44 | 10.88 | 1.15 | 5.33 | | 0.01 આગળ સાર્થક |
| શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ | **150** | 39.54 | 8.81 | **350** | 37.98 | 8.09 | 0.84 | 1.86 | | સાર્થક નથી |
| નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ | **150** | 45.55 | 10.13 | **350** | 40.66 | 9.99 | 0.98 | 4.97 | | 0.01 આગળ સાર્થક |
| વ્યવસાય | **150** | 22.76 | 9.04 | **350** | 21.67 | 11.09 | 1.09 | 1.15 | | સાર્થક |

https://www.gapbhasha.org/

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પસંદગી | | | | | | | | | | નથી |
| સમૂહ માધ્યમ | **150** | 21.59 | 5.08 | **350** | 20.81 | 5.21 | 0.78 | 1.56 | | સાર્થક નથી |
| બંધારણીય અધિકારો | **150** | 22.43 | 8.04 | **350** | 20.67 | 6.91 | 0.79 | 1.77 | | સાર્થક નથી |

સ્વાતંત્ર્ય સંખ્યા = 498 કક્ષાએ ટી મૂલ્યો 0.05 અને 0.01 કક્ષાએ અનુક્રમે 1.96 અને 2.58 છે. અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે ટી ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 3.09 છે, જે 0.01 કક્ષાએ ટી મૂલ્ય કરતાં વધુ હોવાથી ઉત્કલ્પના-2 નો અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે સ્વીકાર થાય છે.

$H_{03}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચશૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલા ભારોકોની સરાસરી વચ્ચે વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ટેબલ – 3

| જાતીય સભાનતા માપદંડ ઘટકો | ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો | | | નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો | | | પ્રમાણ ભૂલ | t ગણતરી મૂલ્ય | t સારણી મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | | | | |
| કુલ | **300** | 269.33 | 30.43 | **200** | 240.4 | 28.44 | 2.67 | 10.83 | **2.58** કક્ષા **0.01** **and** **1.96** કક્ષા **0.05** સ્વાતત્ર્ય સંખ્યા= **498** | 0.01 આગળ સાર્થક |
| માન્યતા/ અંધશ્રદ્ધ | **300** | 57.76 | 12.12 | **200** | 40.55 | 7.77 | 0.89 | 19.34 | | 0.01 આગળ સાર્થક |
| જાતી | **300** | 65.77 | 12.22 | **200** | 40.54 | 9.99 | 1 | 25.27 | | 0.01 આગળ સાર્થક |
| શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ | **300** | 49.56 | 9.05 | **200** | 30.32 | 7.77 | 0.76 | 25.38 | | 0.01 આગળ સાર્થક |
| નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ | **300** | 55.76 | 9.94 | **200** | 34.56 | 8.88 | 0.85 | 24.92 | | 0.01 આગળ સાર્થક |
| વ્યવસાય પસંદગી | **300** | 32.43 | 9.11 | **200** | 19.43 | 10.44 | 0.91 | 14.34 | | 0.01 આગળ સાર્થક |
| સમૂહ માધ્યમ | **300** | 31.54 | 6.11 | **200** | 19.78 | 5.76 | 0.84 | 21.54 | | 0.01 આગળ સાર્થક |
| બંધારણીય અધિકારો | **300** | 32.45 | 7.87 | **200** | 18.54 | 6.61 | 0.65 | 21.34 | | 0.01 આગળ સાર્થક |

સ્વાતંત્ર્ય સંખ્યા = 498 કક્ષાએ ટી મૂલ્યો 0.05 અને 0.01 કક્ષાએ અનુક્રમે 1.96 અને 2.58 છે. અહી જાતીય સભાનતા માપદંડના

https://www.gapbhasha.org/

કુલ ભારાંકો માટે ટી ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 10.83 છે, જે 0.01 કક્ષાએ ટી મૂલ્ય કરતાં વધુ હોવાથી ઉત્કલ્પના-3નો અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે અસ્વીકાર થાય છે.

$H_{04}$ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકોની જાતીય સભાનતા માપદંડમાં મેળવેલ ભારોકોની સરાસરી વચ્ચે વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ટેબલ – ૪

| જાતીય સભાનતા માપદંડ ઘટકો | પરિણીત શિક્ષકો | | | અપરિણીત શિક્ષકો | | | પ્રમાણ ભૂલ | t ગણતરી મૂલ્ય | t સારણી મૂલ્ય | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | | | | |
| કુલ | **285** | 257.33 | 28.44 | **215** | 254.7 | 31.22 | 2.75 | 0.97 | **2.58** કક્ષા **0.01 and 1.96** કક્ષા **0.05** સ્વાતંત્ર્ય સંખ્યા= **498** | સાર્થક નથી |
| માન્યતા/અંધશ્રદ્ધ | **285** | 46.55 | 9.22 | **215** | 45.99 | 8.77 | 0.69 | 0.81 | | સાર્થક નથી |
| જાતી | **285** | 54.34 | 11.14 | **215** | 52.83 | 10.65 | 0.98 | 1.54 | | સાર્થક નથી |
| શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ | **285** | 39.65 | 9.77 | **215** | 38.91 | 7.98 | 0.79 | 0.93 | | સાર્થક નથી |
| નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ | **285** | 44.38 | 10.54 | **215** | 42.85 | 0.91 | 1.69 | 5.22 | | સાર્થક નથી |
| વ્યવસાય પસંદગી | **285** | 22.66 | 7.77 | **215** | 21.44 | 10.66 | 0.86 | 1.42 | | સાર્થક નથી |
| સમૂહ માધ્યમ | **285** | 21.55 | 6.03 | **215** | 21.08 | 5.99 | 0.54 | 0.87 | | સાર્થક નથી |
| બંધારણીય અધિકારો | **285** | 22.66 | 7.65 | **215** | 21.67 | 8.12 | 0.72 | 1.38 | | સાર્થક નથી |

સ્વાતંત્ર્ય સંખ્યા = 498 કક્ષાએ ટી મૂલ્યો 0.05 અને 0.01 કક્ષાએ અનુક્રમે 1.96 અને 2.58 છે. અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે ટી ગણતરી વડે મેળવેલુ મૂલ્ય 0.97 છે, જે 0.01 કક્ષાએ ટી મૂલ્ય કરતાં ઓછુ હોવાથી ઉત્કલ્પના-4નો અહી જાતીય સભાનતા માપદંડના કુલ ભારાંકો માટે સ્વીકાર થાય છે.

## સંશોધનના તારણો :

- ૧) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં જાતીય સભાનતામાં આગળ છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો કરતાં જાતીય સભાનતામાં આગળ છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અપરિણિત શિક્ષકો જાતીય સભાનતામાં સમાન છે.
- **માન્યતા/અંધશ્રદ્ધા** – ૧) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં **માન્યતા/અંધશ્રદ્ધા** જાતીય સભાનતામાં આગળ છે.૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના

https://www.gapbhasha.org/

શિક્ષકો કરતાં **માન્યતા/અંધશ્રદ્ધા** જાતીય સભાનતામાં આગળ છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **માન્યતા/અંધશ્રદ્ધા** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અપરિણિત શિક્ષકો **માન્યતા/અંધશ્રદ્ધા** જાતીય સભાનતામાં સમાન છે.

- **જાતી- ૧)** ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં **જાતી** જાતીય સભાનતામાં આગળ છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો કરતાં **જાતી** જાતીય સભાનતામાં આગળ છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **જાતી** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકો **જાતી** જાતીય સભાનતામાં સમાન છે.
- **શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ** - ૧) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો **શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ** જાતીય સભાનતામાં સમાન છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો **શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ** જાતીય સભાનતામાં સમાન છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો **શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અપરિણિત શિક્ષકો **શૈક્ષણિક સહાભ્યાસિક પ્રવૃત્તિઓ** જાતીય સભાનતામાં સમાન છે.
- **નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ – ૧)** ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં **નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ** જાતીય સભાનતામાં આગળ છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો કરતાં **નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ** જાતીય સભાનતામાં આગળ છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકો **નારી સ્વાતંત્ર્ય સશક્તિકરણ** જાતીય સભાનતામાં સમાન છે.
- **વ્યવસાય પસંદગી – ૧)** ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો **વ્યવસાય પસંદગી** જાતીય સભાનતામાં સમાન છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો **વ્યવસાય પસંદગી** જાતીય સભાનતામાં સમાન છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **વ્યવસાય પસંદગી** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકો **વ્યવસાય પસંદગી** જાતીય સભાનતામાં સમાન છે.
- **સમૂહ માધ્યમ - ૧)** ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો **સમૂહ માધ્યમ** જાતીય સભાનતામાં સમાન છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો **સમૂહ માધ્યમ** જાતીય સભાનતામાં સમાન છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **સમૂહ માધ્યમ** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકો **સમૂહ માધ્યમ** જાતીય સભાનતામાં સમાન છે.
- **બંધારણીય અધિકારો – ૧)** ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો **બંધારણીય અધિકારો** જાતીય સભાનતામાં સમાન છે. ૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેર વિસ્તારના શિક્ષકો **બંધારણીય અધિકારો** જાતીય સભાનતામાં સમાન છે. ૩) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં **બંધારણીય અધિકારો** જાતીય સભાનતામાં આગળ છે. ૪) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના પરિણિત શિક્ષકો અને અપરિણિત શિક્ષકો **બંધારણીય અધિકારો** જાતીય સભાનતામાં સમાન છે.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

## સંદર્ભસૂચિ

[1] Gupta Santosh (2005) Research Methodology and Statistical Technique New Delhi: Deep and Deep Publication Pvt. Ltd
[2] Kothari, C.R. (2001). Research Methodology (Second Edition). New Delhi: Wishwa Prakashan
[3] Women's studies in Educational Sixth Survey of Educational Research, 1993-2000 Volume-1 N.C.E.R.T.
[4] परमार अशोकभाई, (2018), जातीयता विद्यालय एवं समाज, पब्लिकेशन : S.R.S.D. Memoriyal Shiksha Shodh Sansthan, Agra, U.P., India.
[5] ઉચાટ ડી. એ (2000), શૈક્ષણિક સંશાધનોનો સારાંશ, શિક્ષણશાસ્ત્ર ભવન સૌરાષ્ટ યુનિર્વસિટી, રાજકોટ.
[6] કસ્યેકર, આરતીબેન (2003), તારુણ્ય શિક્ષણ અને પ્રજનન.
[7] ચુડાવાળ, કે. (1982), કુટુંબ નિયોજનની સ્ત્રીઓ પર થતી અસરનો અભ્યાસ, અપ્રકાશિત પીએચ.ડી. શોધનિબંધ.
[8] ત્રિવેદી સ્મિતા ડી. (2019-20), જાતિ, શાળા અને સમાજ, નીરવ પ્રકાશન, અમદાવાદ.
[9] દેસાઈ, કૃષ્ણકાંત ગો. (2000), મનોવૈજ્ઞાનિક માપન, અમદાવાદ : યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ
[10] રમીલા બી. પટેલ. (2003) મહિલા વિકાસ સાક્ષરતા અભિયાનની ભૂમિકા પીએચ.ડી. અપ્રકાશિત શોધ નિબંધ
[11] શુક્લ સતીષ (2014), સંશોધન એક પરિચય, અમદાવાદ : કૃતિ પબ્લિકેશન.
[12] સ્ત્રીના અસ્તિત્વનો સમાજમાં સ્વીકાર થાય એટલા માટે 'જેન્ડર અવેરનેશ' જરૂરી, અબતક, સાંધ્ય દૈનિક, તા. 27-08-2020.

**Website :**
[1] http://www.education.would.com
[2] http://www.gujarat-education.gov.in
[3] http://www.gujaratinfornation.net
[4] http://www.gcert.gujarat.cgv.in
[5] http://www.ncert.net
[6] http://www.research-papers.com
[7] http://www.ssamghandhinagar.org
[8] http://www.ssambaroda.org
[9] dulictionary.cambridge.org. (google)
[10] www. Shodhganga.com

https://www.gapbhasha.org/